ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ અંતર્ગત UNICONDULAR KNEE REPLACEMENT (UKR) નો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:- તસખ/૧૦/૨૦૧૭/યુ-૪૫૬-૨૦૨૦/અ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- /03/૨૦૨૧

22 MAR 2021

Inward No. 167553

30 MAR 2021

**વંચાણે લીધા:-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨003/૨૭૧૨/અ (પા.ફા.) (તબીબી સારવારના નિયમો)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨003/૨૭૧૨/અ (પા.ફા.) (સમિતિની રચના)

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૮-03-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૧-૧૧-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:- તસખ/૧૦૨૦૧૭/૬૨૨૦૪૮/અ-૧

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ફા.ક્ર. OPT/૧૦૨૦૨૦/૩૬૧/ગ.

**આ મુ ખ :-**

રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેમના આશ્રિતોને વંચાણે લીધા (૦૨) સામેના તા.૦૧/૧૧/૨૦૧૮ ના ઠરાવથી એક ધુંટણ/થાપા માટે રૂ.૪૦,૦૦૦/- અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કૂલ ખર્ચ બંન્નેમાંથી જે ઓછી હોય તેટલી રકમ અને બંન્ને ધુંટણ/થાપા માટે રૂ.૮૦,૦૦૦/- અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ્સ મળીને થયેલ કૂલ ખર્ચ બંન્નેમાંથી જે ઓછી હોય તે આર.એમ.ઓ./સિવિલ સર્જનશ્રી દ્વારા પ્રતિ સહી કરીને મંજુર કરવામાં આવે છે.

અમુક કેસોમાં વ્યક્તિની નાની ઉંમર હોય અને સાંધામાં ૫૦% ઘસારો હોય તો બાકીનો ભાગ કુદરતી (Natural) રાખી તેને યોગ્ય પોઝીશન આપી અને UNICONDULAR KNEE REPLACEMENT (UKR) ઓપરેશનની સલાહ નિષ્ણાંત ડોક્ટરો દ્વારા આપવામાં આવે છે. જેથી ઓછી કસરતથી દર્દી પોતાનું રોજીંદા કાર્યો કરતા થઇ જાય છે. ધુંટણના સંપૂર્ણ સાંધાઓ બદલવાની જરૂર રહેતી નથી.

UNICONDULAR KNEE REPLACEMENT (UKR) પણ એક પ્રકારની સર્જરી જ છે. અને ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતાં ઇમ્પ્લાન્ટ્સ ખુબ મોંઘા હોય છે. માટે UNICONDULAR KNEE REPLACEMENT (UKR) નો સમાવેશ તા.૦૧/૧૧/૨૦૧૮ નાં ઠરાવમાં કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે :-

***ઠરાવ***

(૧) TOTAL KNEE REPLACEMENT(TKR) તથા HIP REPLACEMENT ની જેમ રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેમના આશ્રિતો દ્વારા લેવાયેલ UNICONDULAR KNEE REPLACEMENT (UKR) ની તબીબી સારવારનો ખર્ચ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૦૧/૧૧/૨૦૧૮ નાં ઠરાવ ક્ર. તસખ/૧૦૨૦૧૭/૬૨૨૦૪૮/અ-૧ ની જોગવાઇ મુજબ મળવાપાત્ર રહેશે. સરકારી / સરકારી સમકક્ષ / એમ્પેનલ્ડ હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલ ખાતે મેળવેલ સદર સારવારના કેસોમાં સંબંધિત જિલ્લાના આર.એમ.ઓ./ સિવિલ સર્જન પાસે એક ઘુંટણ માટે રૂ. ૪૦,૦૦૦/- (રૂપિયા ચાલીસ હજાર) અને બંને ઘુંટણ માટે રૂ. ૮૦,૦૦૦/- (રૂપિયા એંશી હજાર) અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેટલી રકમ સામે ચકાસણી કરી પ્રતિસહી કરાવવાની રહેશે. ત્યાર બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૦૮-૦૩-૨૦૧૬ ના ઠરાવના નિયમ-(૧૧.૧)(અ) અને નિયમ-(૧૧.૧)(બ.૨) માં સોંપેલ નાણાકીય સત્તાઓ પ્રમાણે સક્ષમ અધિકારીએ મંજૂરી આપવાની રહેશે.

(૨) આ પ્રકારે UNICONDULAR KNEE REPLACEMENT (UKR) પદ્ધતિ મુજબ જેણે એક વખત (બંન્ને પગ માટે) સારવાર લીધી હોય, તેને ફરી વાર TOTAL KNEE REPLACEMENT(TKR) કે UNICONDULAR KNEE REPLACEMENT (UKR) નો ખર્ચ મળવાપાત્ર થશે નહીં. જેની ખાતરી સબંધિત કચેરીના વડા/ખાતાના વડા તથા પેન્શનરનાં કેસમાં સબંધિત જિલ્લા તિજોરી અધિકારીએ કરવાની રહેશે. આ અંગેનો ઉલ્લેખ મળવાપાત્ર મેડીકલ રીએમ્બર્સમેન્ટનો હુકમ કરતી વખતે અચૂક કરવાનો રહેશે.

(૩) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના તા.૦૮/૦૩/૨૦૧૬ અને તા.૦૧/૧૧/૨૦૧૮ નાં ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

(૪) આ ઠરાવ તા.૦૧/૧૧/૨૦૧૮ ના ઠરાવમાં UKR પધ્ધતિનો ઉમેરો કરવાની બાબત હોઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૧/૧૧/૨૦૧૮ ના ઠરાવની જોગવાઇ મુજબ તા.૦૧/૦૪/૨૦૧૮ અને તે પછી મેળવેલ UKR ની સારવારના તમામ કેસોમાં લાગુ પડશે.

(૫) આ ઠરાવ વિભાગની ફા.ક્ર. OPT/૧૦૨૦૨૦/૩૬૧/ગ. ઉપર નાણા વિભાગની તા.૧૮/૧૨/૨૦૨૦ તથા સરકારશ્રીની તા.૦૬/૦૧/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નીલમ દેસાઇ)
સરકારના નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણાં સલાહકારશ્રી (આરોગ્ય) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રેસીડેન્સ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.

- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ સરકારી હોસ્પિટલ.
- સર્વે ડીનશ્રીઓ મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજ (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- સર્વે તબીબી અધિક્ષકશ્રીઓ સિવિલ હોસ્પિટલ, (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- રાજ્યના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- લાયજન ઓફીસરશ્રી, ગુજરાત સરકાર, ધનરાજ મહેલ, અપોલો બંદર, મુંબઇ-૪०००૩૯.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.